ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેકસ: ૨૩૫૦૧૨

E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E.C.-Minuits-10th Feb'/૨૦૧૧/ ૩૩૪ થી ૩૪૭ તા.૧૭/૦૨/'૧૧

પ્રતિ,
એકિઝકયુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** તારીખ ૧૦મી ફેબ્રુઆરી'૨૦૧૧નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૧૦મી ફેબ્રુઆરી'૨૦૧૧**ના રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

B. S. Patel

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૧૦/૦૨/'૧૧ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તા.૧૦/૦૨/'૧૧નાં સવારે ૧૧ : ૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકારતા, સભ્યશ્રી ડૉ. ટી.આર.હાથીનાં પિતાશ્રીનાં થયેલ નિધન બદલ શોકની લાગણી વ્યક્ત કરતા આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. એસ.જી. યાદવ.<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી.<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| ડૉ. દર્શનાબેન સી.ધોળકિયા.<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ.<br>પ્રોફેસર એન્ડ હેડ, શિક્ષણશાસ્ત્ર ભવન, | ગેરહાજર |
| ડૉ. તુષારભાઈ આર. હાથી.<br>રીડર, અર્થશાસ્ત્ર ભવન, | હાજર |
| શ્રી મહેશભાઈ સી.આહિર.<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., કચ્છ. | હાજર |
| શ્રી શ્રવણસિંહ એસ. વાઘેલા.<br>ભુજ–કચ્છ. | હાજર |
| ડૉ.બી.એસ.પટેલ. મેમ્બર સેક્રેટરી<br>(આઈ.સી. કુલસચિવશ્રી, કચ્છ યુનિવર્સિટી) | ગેરહાજર |

**૧. ગત મિનિટ્સનું વાંચન અને બહાલી :**

ગત તા.૩૧/૦૧/'૧૧ના રોજની બેઠકની મિનિટ્સનાં વાંચન દરમ્યાન થયેલ ચર્ચા અન્વયે ઠરાવ : ૨ : તથા ઠરાવ : ૧૪ : સંબંધે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો જયારે અન્ય કાર્યવાહી સંબંધિત મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

**<u>ઠરાવ : ૧ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, ગત સભાનાં ઠરાવ : ૨ : દ્વારા નિયત થયા મુજબ વર્ચ્યૂઅલ કલાસ શરૂ સંબંધે એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યો પૈકી શ્રી મુકેશભાઈ ઝવેરી, શ્રી મહેશભાઈ સી.આહિર અને શ્રી શ્રવણસિંહ એસ.વાઘેલા આગામી તારીખ**

૧૫/૦૨/'૧૧નાં રોજ આઈ.આઈ. ટી.,ગાંધીનગરની મુલાકાત લેશે. ઠરાવ : ૧ : મુજબ સર્ટીફિકેટ તથા ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો ચલાવવા માટે યુનિવર્સિટી અંતર્ગત સેન્ટર ફોર એકસેલન્સ શરૂ કરવા યુનિવર્સિટી એકટ તથા ટેચ્યુટ્સની જોગાવાઈ મુજબ યોગ્ય સમિતિની રચના કરવી, જે આવા અભ્યાસક્રમ માટે પ્રવેશનાં ધોરણો, ફીના ધોરણો, સિલેબસ, અભ્યાસક્રમ સંબંધિત પુસ્તકો માટેની ભલામણ, સર્ટીફિકેટનું સ્વરૂપ તથા અન્ય નિયમો નિયત કરશે.

૨. યુનિવર્સિટીની બિલ્ડીગોની સાફ સફાઈની કામગીરી માટે મળેલ ટેન્ડરો પૈકી સૌથી નીચા દર ભરનાર પાર્ટીને રૂબરૂ સાંભળી ટેન્ડર સ્વીકૃતિ અંગે કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :

યુનિવર્સિટીના જુદા જુદા બિલ્ડીગોની સાફ સફાઈની કામગીરી સોંપવા માટે મળેલ ટેન્ડરો પૈકી જે પાર્ટીએ સૌથી નીચા દર ભર્યા છે તેના પ્રતિનિધીને રૂબરૂ મળીને સદર કામગીરી સોંપવા બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

<u>ઠરાવ : ૨ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના જુદા જુદા બિલ્ડીગોની સાફ સફાઈની કામગીરી ફાળવવા માટે મળેલ ટેન્ડરો પૈકી સૌથી નીચા દરો ભરનાર પાર્ટી સાંઈ એજન્સી, અંકલેશ્વરનાં પ્રતિનિધિને રૂબરૂ સાંભળયા બાદ તેઓના અનુભવને ધ્યાને લેતા,તેઓનું ટેન્ડર મંજૂર કરાયું. જો કામગીરી સંતોષકારક ન જણાય તો, ટૂંક સમયની નોટીસ આપીને કરાર નિયમો પ્રમાણે રદ્દ કરવામાં આવશે તેવી શરતને આધિન ટેન્ડર સ્વીકૃત કરવામાં આવ્યું.

૩. યુનિવર્સિટી માટે ફર્નિચર પુરૂ પાડવા સંબંધે મળેલ ટેન્ડરો પૈકી સૌથી નીચા દર ભરનાર પાર્ટીને રૂબરૂ બોલાવીને ગુણવત્તા અંગે નિર્ણય કરી ટેન્ડર સ્વીકૃતિ અંગે કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :

યુનિવર્સિટીની ફર્નિચરની જરૂરિયાત પૂરી કરવા માટે બહાર પાડેલ ટેન્ડર અન્વયે સૌથી નીચા દરો ભરનાર પાર્ટીઓના પ્રતિનિધિઓને રૂબરૂ સાંભળીને સદર કામગીરી સોંપવા બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

<u>ઠરાવ : ૩ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની ફર્નિચરની જરૂરિયાત પૂરી કરવા માટે બહાર પાડેલ ટેન્ડરો પૈકી જુદી જુદી આઈટમો અન્વયે કુલ ત્રણ પાર્ટીઓએ જે તે આઈટમ માટે નીચા દરો ભરેલ હોય દરેક પાર્ટીનાં પ્રતિનિધિને રૂબરૂ સાંભળ્યા બાદ ગુણવત્તાનાં ધરણોની જાળવણીનાં સંદર્ભમાં તથા મળેલ ટેન્ડરો અન્વયેનાં દરોની ભારે વિસંગતતાને ધ્યાને લેતા સદર ટેન્ડર પ્રક્રિયા રદ્દ કરવી તથા ફર્નિચરની જરૂરિયાત સંદર્ભે ખરીદી માટે સરકારશ્રીના સંબંધિત નિયમો અન્વયે ખરીદ કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવી.

૪. યુનિવર્સિટીની સ્થાવર તથા જંગમ મિલકતોની સાર સંભાળ માટે સ્કિયૂરીટી સેવા મેળવવા સંબંધે નિમાયેલ પેટા સમિતિનાં અહેવાલ અન્વયે ટેન્ડર સ્વીકૃતિ અંગે કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :

Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

યુનિવર્સિટીની સ્થાવર તથા જંગમ મિલ્કતોની સાર સંભાળ માટે સિક્યુરીટી સેવા મેળવવા સંબંધે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા. ૩૧/૧/'૧૧નાં રોજની સભાના ઠરાવ : ૨૧: થી નિયત થયા મુજબ લેબર કમિશ્નરશ્રીની ઓફિસના અધિકારીની સલાહ લેવા નિમાયેલ સમિતિએ કરેલ મૌખિક રજૂઆત અન્વયે ટેન્ડર સ્વીકૃતિ બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની સ્થાવર તથા જંગમ મિલ્કતોની સાર સંભાળ માટે સ્કિયૂરીટી સેવા મેળવવા સંબંધે નિમાયેલ પેટા સમિતિનાં સભ્યશ્રીને રૂબરૂ સંભળયા બાદ,લઘુત્તમ વેતનની સદર બાબત કાયદાકીય હોય તે અન્વયેની વિગતો મેળવવા માટે લેબર લૉની પ્રેકટીસ કરતાં ખ્યાતનામ વકીલશ્રીની સલાહ લેવી ત્યાર બાદ આગળ કાર્યવાહી હાથ ધરવી.**

**૫. યુનિવર્સિટી માટે સ્ટેશનરી પૂરી પાડવા અને પ્રિન્ટીંગ કામગીરી કરી આપવા મંગાવેલ ટેન્ડરો સંબંધે સ્વીકૃતિ અંગે કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

યુનિવર્સિટી માટે જરૂરિયાત મુજબની સ્ટેશનરી પૂરી પાડવા તથા પ્રિન્ટીંગની કામગીરી કરી આપવા માટે મંગાવેલ ટેન્ડરોમાં દર્શાવેલ દરો સંબંધે તૈયાર કરાયેલ તુલનાત્મક પત્રક અન્વયે ટેન્ડર સ્વીકૃતિ બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, જરૂરિયાત મુજબની સ્ટેશનરી પૂરી પાડવા તથા પ્રિન્ટીંગની કામગીરી કરી આપવા માટે મળેલ ટેન્ડરોમાં દર્શાવેલ દરોની ગુણવત્તાનાં ધોરણે તુલનાત્મક ચર્ચા કરવા માટે સદર બાબત ફાયનાન્સ કમિટી સમક્ષ રજૂ કરવી.**

**૬. શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી નવા જોડાણ તરીકે અભ્યાસક્રમો શરૂ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી નવા જોડાણ તરીકે વિવિધ અભ્યાસક્રમો શરૂ કરવા માટે નિયત નમૂનામા જોડાણ અરજીઓ મળેલ છે જે અનુસંધાને નવા જોડાણ આપવા સંબંધિત કાર્યવાહી હાથ ધરવા બાબતે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૬ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી નવા જોડાણ તરીકે અભ્યાસક્રમો શરૂ કરવા માટે મળેલ અરજીઓ અનુસંધાને નીડ કમિટીની નિમણૂંક કરવી. સદર કમિટીનાં સભ્યશ્રીઓ અન્વયે, એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રીઓ પૈકી એક સભ્ય રહેશે જે માટે શ્રી શ્રવણસિંહ એસ.વાઘેલાની વરણી સર્વાનુમતે કરવામાં આવી તથા અન્ય સભ્યશ્રીઓની નિયુકિત કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવી.**

**૭. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ માટે સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ અન્વયે કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ માટે સંલગ્ન અભ્યાસક્રમો ચલાવતી સંસ્થા / કોલેજો ચાલુ / વધારાનું જોડાણ મેળવવા માટે નિયત નમૂનામા અરજીઓ મળેલ છે જે અનુસંધાને કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, સંલગ્ન અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ પૈકી જો કોઈ સંસ્થા કાયમી જોડાણ માટે અરજી રજૂ કરે ત્યારે સંબંધિત સંસ્થાએ સ્થાપનાના ચાર વર્ષ પૂર્ણ કરેલ હોય તો તે, અરજી કાયમી જોડાણ અન્વયે વિચારણામા લેવી. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ માટે સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ સંબંધિત કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવી.**

**૮. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માટે સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ અન્વયે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવા કાર્યવાહી હાથ ધરવા ચર્ચા વિચારણા અને નિર્ણય લેવા બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ અન્વયે સંલગ્ન અભ્યાસક્રમો માટે નવુ, ચાલુ, ચાલુ / વધારાનું જોડાણ જાહેરનામા મેળવવા માટે રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવા અન્વયે ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦ માટે સંલગ્ન અભ્યાસક્રમો માટે મેળવવાપાત્ર જોડાણ જાહેરનામા અન્વયે રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવી.**

**૯. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) વર્ચ્યૂઅલ કલાસ અન્વયે વર્ચ્યૂઅલ લેકચ્ર લેનાર અધ્યાપકોના માનદ્ વેતન નિયત કરવા માટે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો :**

**<u>ઠરાવ : ૯ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, હાલ યુનિવર્સિટી ખાતે મુલાકાતી વ્યાખ્યાનો માટે અધ્યાપકોને રૂા.૧૦૦/– + રૂા. ૫૦/– = રૂા. ૧૫૦/– ચૂકવવામા આવે છે, વર્ચ્યૂઅલ કલાસ લેવા માટે અધ્યાપકે એક કલાક બ્રોડબેન્ડ અને તેઓના ફોનનો ઉપયોગ કરવો પડતો હોય, ઉકત વિગતે રૂા. ૧૫૦/– ઉપરાંત બ્રોડબેન્ડ ખર્ચ પેટે રૂા.૧૦૦/– અને ફોન ખર્ચ પેટે રૂા. ૫૦/– મળી કુલ રૂા. ૩૦૦/– ચૂકવવા.**

**(૨) યુનિવર્સિટીના આર્થિક વ્યવહારો અન્વયે માનનીય કુલપતિશ્રીને ખર્ચ કરવા સંબંધે નિયત કરાયેલ મર્યાદા વધારવા બાબત :**

**<u>ઠરાવ : ૧૦</u> આથી ઠરાવવામાં આવે છે કે, ઉકત વિગતે હાલ યુનિવર્સિટીનાં ઓર્ડિનેન્સ ૧૬માં નીચે પ્રમાણેનો Amendment –સુધારો સર્વાનુમતે કરવામાં આવે છે.**

A Committee consisting of the Vice-Chancellor only is authorized to sanction all expenditure pertaining to the University

including the building work up to Rs.50,000 without inviting tenders and up to Rs. 2,50,000 after inviting tenders or quotations.

However, in case of purchases from Government Agencies or Institution such as Atomic Energy Commission, National Laboratories etc: the Vice –Chancellor may sanction expenditure up to Rs. 5,00,000 without inviting tenders of quotations but a certificate to this effect shall be recorded in writing.

(૩) યુનિવર્સિટીની જમીન માપણી કરાવવા બાબત :

**ઠરાવ : ૧૧ :** આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની જમીન માપણી કરાવવા માટે પ્રાઈવેટ એજન્સીને કામગીરી સોંપીને સત્વરે સદર કામગીરી પૂરી કરાવવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.

(૪) યુનિવર્સિટી કેમ્પસ પર સ્ટેજની સુવિધા ઉભી કરવા બાબત :

**ઠરાવ : ૧૪ :** યુનિવર્સિટીનાં દ્વિતિય દીક્ષાંત સમારોહ માટે સ્ટેજ તૈયાર કરવા માટે ઉપસ્થિત એક્ઝિક્યુટીવ કાઉન્સિલનાં સભ્યશ્રીઓ બ્લોક– બી, એડમિન બ્લોક તથા બ્લોક–સી વચ્ચેની જગ્યાની મુલાકાત લીધી અને એડમિન બ્લોકની બાજુમા એક ૮૦ × ૫૦ ફીટનું તથા ૦૫ ફૂટ ઉંચાઈ ધરાવતું પરમેનેન્ટ સ્ટેજ બનાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ સદર કાર્યવાહી હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવામા આવી.

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

B. S. Patel

(ડૉ. બી. એસ. પટેલ)
ઈન્ચાર્જ-કુલસચિવ
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ.